COPY

**THE GANDHIDHAM**
**CHAMBER OF COMMERCE & INDUSTRY**

(ESTD. 1953)
"CHAMBER BHAVAN", Plot No. 71, Sector 8, Post Box No. 58,
**GANDHIDHAM** - Kachchh - 370 201.
**Phone :** +91-02836-220977, 220735 • **Mobile :** 99250 37814 • **Fax :** 220888
**e-mail :** info@gccikandla.com • **Website :** www.gccikandla.com

No. GCCI / 273

તા:૧૮.૦૯.૨૦૧૭

નાયબ કાર્યકારી ઇજનેરશ્રી,
માર્ગ અને મકાન વિભાગ,
પેટા કચેરી,
અંજાર - કચ્છ

વિષય: આદિપુર - મુન્દ્રા માર્ગનાં સમારકામ બાબતે....

માનનિયશ્રી,

સવિનય સાથે જણાવવાનું કે આદિપુર થી મુન્દ્રા જતા માર્ગની બિસ્માર હાલત છે. રોડ ઉપર જ્યાં અને ત્યાં ખાડાઓ છે. આથી વાહન ચાલકોને આ માર્ગ ઉપર અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે તથા આને કારણે સફરનો સમય પણ વધારે લાગે છે. આ ઉપરાંત આ માર્ગની બિસ્માર હાલત અને ખાડાઓ ને લીધે અકસ્માત સર્જાવાની શક્યતાઓ વધારે રહેલી છે. આ માર્ગ મુન્દ્રા પોર્ટને જોડતો હોવાને કારણે દિન-પ્રતિદિન ટ્રાફીકમાં વધારો થઈ રહેલ છે.

આથી અમારી વિનંતી છે કે આદિપુર થી મુન્દ્રા જતા માર્ગની તાત્કાલિક ધોરણે સમરકામ કરવાની વ્યવસ્થા ગોઠવવા યોગ્ય કરશોજી. આ માર્ગની સર્ફેસ કોટીંગ અદ્યતન ટેકનોલોજીનાં ઉપયોગ સાથે કરવી જોઇએ જેથી આ માર્ગની લાબી આવરદા રહે અને વારંવાર થતા ખાડાઓની સમસ્યાનો ઉકેલ પણ લાવી શકાય.

અમને આશા છે કે આપ અમારી વિનંતીને તાત્કાલિક ધ્યાનમાં લઈ સમારકામ નો સમયબધ્ધ કાર્યક્રમ નક્કિ કરી આ સંદર્ભે અમોને માહિતગાર કરશો.

આપનાં પ્રત્યુતરની અપેક્ષા સહ....

આપનો વિશ્વાસુ,

મુરલીધર જગાણી
માનદ્ મંત્રી

C.C. Sh. Ramesh Maheshwari,
MLA - GIM